ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-03 તા:-27-09-2021

## ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અનુ.જાતિ મોરચાની પ્રેસ કોન્ફરન્સ ગાંધીનગર શ્રી કમલમ ખાતે અનુ.જાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલસિંહ આર્યજીની અધ્યક્ષતામાં યોજાઇ હતી

ભારતીય જનતા પાર્ટી અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ તારીખ 27 સપ્ટેમ્બર 2021ના રોજ ભારતીય જનતા પાર્ટી અનુ.જાતિમોરચા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં અનુ.જાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલસિંહ આર્યજી પત્રકારોને જણાવ્યું કે ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસે આવવાનો અવસર મળ્યો છે અને મધ્ય દક્ષિણ ગુજરાતના કાર્યકર્તાઓનું મોટુ સંમેલન વડોદરા ખાતે ગત દિવસે યોજવામાં આવ્યું હતું. અનુ.જાતિમોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલસિંહ આર્યજી વધુમાં જણાવ્યું હતું કે પ્રદેશ મોરચાના પદાધિકારીશ્રીઓ ,મોરચાના પ્રભારીશ્રીઓ સાથે બેઠક સહિત આગામી દિવસના કાર્યક્રમ અંગે માહિતી આપી હતી. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મ દિવસ નીમિત્તે સેવા હી સમર્પણ અભિયાન અંતર્ગત અનુસુચિત જાતીના સશકિતકરણ, સમ્માન સહિત કેન્દ્ર સરકારની કામગીરીની માહીતી જન જન સુધી પહોંચાડવામાં આવશે. અનુ.જાતિ મોરચાની પ્રદેશ કારોબારી બેઠક ગાંધીનગર પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ” ખાતે યોજાશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પુર્વ સાંસદ અને મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી શુભુંનાથ તુંડીયા, અનુસુચિત જાતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી સંજય નિર્મલજી, અનુસુચિત જાતી મોરચાના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ અને ગુજરાત પ્રભારીશ્રી સુરજ કેરોજી, ગુજરાત રાજયના પ્રદેશ સહ પ્રભારી શ્રી ડાં પ્રેમચંદ બૈરવા, અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડો.પ્રદ્યુમનભાઇ વાજા,ગુજરાત મોરચાના પ્રભારીશ્રી ઝવેરીભાઇ ઠકરાર,અનુ.જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી વિક્રમભાઇ ચૌહાણ અને શ્રી ગૌતમભાઇ ગેડીયા સહિત મોરચાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મિડિયા કન્વીનર